આ કેન્દ્ર દ્વારા નીચે મુજબની ૪૦ ડાંગરની અને ૮ મગફળીની જાતો બહાર પાડવામાં ફાળો છે.

| અ.નં. | જાતનું નામ | બહાર પાડયા વર્ષ | અ.નં. | જાતનું નામ | બહાર પાડયા વર્ષ |
|---|---|---|---|---|---|
| ૧ | આઈઆર–૨૮ | ૧૯૭૫ | ૨૧ | સાઠી–૩૪–૩૬ | ૧૯૫૫ |
| ૨ | જીઆર–૩ | ૧૯૭૭ | ૨૨ | સુખવેલ | ૧૯૫૫ |
| ૩ | જીઆર–૪ | ૧૯૮૧ | ૨૩ | ઝેડ–૩૧ | ૧૯૫૫ |
| ૪ | જીઆર–૫ | ૧૯૯૦ | ૨૪ | કડા–૧૭૬–૧૨ | ૧૯૫૫ |
| ૫ | જીઆર–૬ | ૧૯૯૧ | ૨૫ | એનએયુઆર–૧ | ૨૦૦૭ |
| ૬ | જીઆર–૭ | ૨૦૦૦ | ૨૬ | અશોકા–૨૦૦એફ | ૨૦૦૬ |
| ૭ | જીઆર–૮ | ૨૦૦૦ | ૨૭ | એન.એ.યુ.આર–૧ | ૨૦૦૭ |
| ૮ | જીઆર–૯ | ૨૦૦૧ | ૨૮ | જી.એન.આર.–૨ | ૨૦૦૯ |
| ૯ | જીઆર–૧૧ | ૧૯૭૭ | ૨૯ | જી.એ.આર.–૧૩ | ૨૦૦૯ |
| ૧૦ | જીઆર–૧૨ | ૨૦૦૪ | ૩૦ | જી.એ.આર.–૧ | ૨૦૧૦ |
| ૧૧ | ગુર્જરી | ૧૯૯૭ | ૩૧ | જી.અને.આર.–૨ | ૨૦૧૧ |
| ૧૨ | જયા | ૧૯૬૮ | ૩૨ | જી.એન.આર.–૩ | ૨૦૧૨ |
| ૧૩ | આઈઆર–૨૨ | ૧૯૭૫ | ૩૩ | જી.એન.આર.–૪ | ૨૦૧૩ |
| ૧૪ | મસુરી | ૧૯૬૮ | ૩૪ | પૂર્ણા | ૨૦૧૪ |
| ૧૫ | દાંડી | ૨૦૦૦ | ૩૫ | મહીસાગર | ૨૦૧૫ |
| ૧૬ | જીઆર–૧૦૧ | ૧૯૮૪ | ૩૬ | જી.એન.આર.–૫ | ૨૦૧૬ |
| ૧૭ | જીઆર–૧૦૨ | ૧૯૮૭ | ૩૭ | જી.એન.આર.–૬ | ૨૦૧૬ |
| ૧૮ | જીઆર–૧૦૩ | ૧૯૯૦ | ૩૮ | જી.એન.આર.એચ.–૧ | ૨૦૧૬ |
| ૧૯ | જીઆર–૧૦૪ | ૧૯૯૧ | ૩૯ | જી.એન.આર.૭ | ૨૦૧૭ |
| ૨૦ | નર્મદા | ૧૯૯૧ | ૪૦ | જી.આર.એચ.–૨ | ૨૦૧૮ |

૨. મગફળીઃ

| અ.નં. | જાતનું નામ | બહાર પાડયા વષ |
|---|---|---|
| ૧ | જીજેજી–એચપીએસ–૧ | ૨૦૦૯ |
| ૨ | જીજેજી–૯ | ૨૦૧૦ |
| ૩ | જીજેજી–૩૧ | ૨૦૧૦ |
| ૪ | જી.જે.જી.–૧૭ | ૨૦૧૧ |
| ૫ | જી.જે.જી.–૨૨ | ૨૦૧૧ |
| ૬ | જી.જે.જી.–૩૨ | ૨૦૧૭ |
| ૭ | જી.જી.–૩૪ | ૨૦૧૮ |
| ૮ | જીજેજી–એચપીએસ–૨ | ૨૦૧૮ |

**બ) ખેત પધ્ધતિઓ અંગેની ભલામણોઃ**

| **અ.નં.** | **વર્ષ** | **ભલામણની વિગત** |
|---|---|---|
| **૧** | **૧૯૮૫** | ડાંગરની સીઆર–૧૩૮–૯૨૮ જાતમાં નાઈટ્રોજન ૧૨૦ કિલો/હે ચાર એકસરખા ભાગમાં રોપણી સમયે, ફુટ અવસ્થાએ, કુટી નીકળવાના સમયે અને દુધ ભરાવાની અવસ્થાએ આપવાથી ઉત્પાદન વધારવામાં ફાયદાકારક છે, જો કે ફોસ્ફરસ અને પોટાશ આ રીતે આપવાથી ફાયદાકારક નથી. |
| **૨** | **૧૯૯૨** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ડાંગર પછી ચણાની ખેતી કરતાં ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે નાઈટ્રોજન અને ફોસ્ફરસ ૫૦ |

| | | |
|---|---|---|
| | | કિલો અને ૨૫ કિલો ફોસ્ફરસ ડાંગરની જાત જીઆર–૧૧ને આપવું અને છાણીયું ખાતર ૧૦ ટન/હે અને ૨૦ કિલો નાઈટ્રોજન અને ૨૦ કિલો ફોસ્ફરસ પ્રતિ હેકટર ચણા દાહોદ પીળાને આપવાથી સારૂ આથિ  ક વળતર મેળવી શકાય છે. |
| ૩ | ૧૯૯૨ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસુ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને શણનો લીલો પડવાશ ચોમાસા પહેલા કરવ ો તથા ૧૦૦ ટકા ભલામણ કરેલ નાઈટ્રોજન આપવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે. જે ખેડુતો ૧૦૦ ટકા ભલામણ કરેલ નાઈટ્રોજન આપી શકતા ના હોય તેઓ ૬૦ ટકા નાઈટ્રોજન આપીને પણ તેટલું જ ઉત્પાદન મેળવી શકે છે કે જેટલુ ૧૦૦ ટકા નાઈટ્રોજન છાણીયા ખાતર વગર મેળવે છે. |
| ૪ | ૧૯૯૩ | વ્યારા વિસ્તારના દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III મા ચણાના પાકને ફુવારા પધ્ધતિથી બે પિયત આપવાથી ૫૦ ટકા પાણીનો બચાવ કરી શકે છે. પ્રથમ પિયત વાવણી સમયે અને બીજુ પિયત વાવણીના ૨૫ દિવસ બાદ એટલે કે ચણામાં ડાળખા ફુટે ત્યારે ૫૦મીમી ઉંડાઈથી આપવું. (ફુવારા પધ્ધતિ ૧૨મી × ૧૨મીના અંતરે ગોઠવી ૨.૭૫ કિલો/સેમી$^{2}$ દબાણથી આપવું જેથી ૧.૬૭ સેમી/કલાક આ માટે ફુવારા પધ્ધતિ ત્રણ કલાક ચલાવવી.) |
| ૫ | ૧૯૯૩ | વ્યારા વિસ્તારના દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III મા ઉનાળુ મગફળીની ખેતી કરતાં ખેડુતોને ફુવારા પધ્ધતિ અપનાવવાથી ૧૫૦ ટકા વધુ આવક તથા પાણીની બચત કરી શકે છે. (ફુવારા પધ્ધતિ ૧૨મી × ૧૨મીના અંતરે ગોઠવી ૨.૭૫ કિલો/સેમી$^{2}$ દબાણથી આપવું જેથી ૧.૬૭ સેમી/કલાક ૪૦મીમીના ટોટલ માટે આપી શકાય. આ માટે ફુવારા પધ્ધતિ બે કલાક ૨૪ મીનીટ ચલાવવી.) |
| ૬ | ૧૯૯૪ | મધ્ય અને દક્ષિણ ગુજરાતના ડાંગરની જાત અંબિકા ઉગાડતા ખેડુતોને નાઈટ્રોજન ૧૮૦ કિલો/હે અને ફોસ્ફરસ ૩૦ કિલો/હે આપવાથી વધુ ઉપ્તાદન તથા આવક મેળવી શકાય છે. નાઈટ્રોજન ત્રણ સરખા ભાગમાં, રોપણી સમયે, ફુટ અવસ્થાએ અને કંટી નીકળવા સમયે ૨:૨:૧ના પ્રમાણમાં આપવો. ફોસ્ફરસનો બધો જથથો રોપણી સમયે આપવો. |
| ૭ | ૧૯૯૪ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસુ ડાંગર જીઆર–૪ની ખેતી કરતાં ખેડુતોને ૧૦૦ કિલો નાઈટ્રોજન/હે બે સરખા ભાગમાં તથા મધ્યમ ખેડુતોને ૫૦ કિલો/હે બે સરખા ભાગમાં, પ્રથમ રોપાણ વખતે અને બીજો ફુલ આવવાના સમયે આપવાથી વધુ આથિ  ક વળતર મેળવી શકાય છે. |
| ૮ | ૧૯૯૪ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસુ ડાંગરની ખેતી કરતાં ખેડુતો કે જેઓ મજુર દ્વારા રોપણી કરાવે છે તેઓને ડાંગરની ફણગાવેલ બીજ પધ્ધતિથી લાઈનમાં રોપણી કરવાની ભલામણ કરવામાં આવે છે. આ પધ્ધતિથી ફેરરોપણી પધ્ધતિ કરતાં ૩૭ ટકા વધુ આવક મેળવી શકે છે. વધુમાં ફણગાવેલ બીજ પધ્ધતિથી વાવણી કરેલ ડાંગરની જાત  જીઆર–૩ એક અઠવાડીયું વહેલુ પાકે છે જયારે ડાંગરની જાત જીઆર–૧૦૩ બે અઠવાડીયા વહેલું પાકે છે. |
| ૯ | ૧૯૯૫ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ફણગાવેલ બીજ પધ્ધતિથી ડાંગરની ખેતી કરતાં ખેડુતોને બીજનું પ્રમાણ ૬૦ કિલો/હે તથા રોપણી અંતર ૨૨.૫ સેમીરાખવાથી ૧૩ ટકા વધુ ઉત્પાદન મેળવી શકે છે. |
| ૧૦ | ૧૯૯૫ | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ઉનાળુ ડાંગર |

| | | |
|---|---|---|
| | | જીઆર–૧૦૩ની ખેતી કરતાં ખેડુતો કાદવ પાડયા પછી ફણગાવેલ બીજથી વાવણી કરવા ભલામણ કરવામાં આવે છે આમ કરવાથી તેઓ ૩૨ ટકા વધુ ઉત્પાદન મેળવી શકે છે. |
| **૧૧** | **૧૯૯૬** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાા માં ઉનાળુ મગફળીની ખેતી કરતાં ખેડુતો મગફળીની વાવણી ડીસેમ્બરથી જાન્યુઆરીના પ્રથમ પખવાડીયામાં કરવાની ભલામણ કરવામાં આવે છે. |
| **૧૨** | **૧૯૯૭** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાા માં ચોમાસું ડાંગર પછી શિયાળુ/ઉનાળુ પાક લેતા ખેડુતોને ડાંગર પછી મગફળીની ખેતી કરવા ભલામણ કરવામાં આવે છે આમ કરવાથી તેઓ ૧૬૭ ટકા વધુ આવક ચણા પાક કરતા મેળવી શકે છે. |
| **૧૩** | **૧૯૯૭** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાા માં ઉનાળુ મગફળીની ખેતી કરતાં ખેડુતોને મગફળીની વાવણી ૩૦ સેમીના અંતરે તથા બીજનું પ્રમાણ ૧૨૦ કિલો/હે રાખી કરવાની ભલામણ કરવામાં આવે છે. |
| **૧૪** | **૧૯૯૮** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાા માં લીલો પડવાશ ડાંગરની સીકવન્સ કરતાં ખેડુતોને મધ્યમ ફોસ્ફરસ ધરાવતી જમીનમાં લીલો પડવાશ પછી ૬૦ કિલો/હેની જગ્યાએ ૩૦ કિલો/હે ફોસ્ફરસ આપવાની ભલામણ કરવામાં આવે છે. |
| **૧૫** | **૧૯૯૯** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાા માં ચોમાસુ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને ૧૦૦ કિલો નાઈટ્રોજન/હે બે સરખા ભાગમાં રોપણી સમયે અને ફુટ અવસ્થાએ (રોપણીના ૩૦ દિવસ પછી) નવસારી પરિસ્થિતિમાં જયા માટે અને વ્યારા પરિસ્થિતિમાં જીઆર–૧૧ માટે આપવાની ભલામણ કરવામાં આવે છે. જયારે રોપણી સમયનો જથ્થો આપવાનો બાકી રહી જાય ત્યારે પુરેપુરો જથ્થો ફુટ અવસ્થાએ આપવો. |
| **૧૬** | **૨૦૦૦** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાા માં ચોમાસુ ડાંગર જીઆર–૫ની ખેતી કરતાં ખેડુતોને ૧૨૦ કિલો નાઈટ્રોજન/હે આપવાની ભલામણ કરવામાં આવે છે. જે જમીનમાં લભ્ય ફોસ્ફરસ, પોટાશ અને સલ્ફર વધુ હોય તેમાં આ તત્વો ન આપવા ભલામણ કરવામાં આવે છે. |
| **૧૭** | **૨૦૦૨** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાા માં ચોમાસુ ડાંગર પછી ઉનાળુ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને ડાંગરના પુળીયા ૫ ટન/હેની સાથે ૮૦ કિલો નાઈટ્રોજન/હે (૫૦ અથવા ૭૫ ટકા પાયામાં)ની સાથે ૫૦ કિલો ફોસ્ફરસ/હે આપવાની ભલામણ કરવામાં આવે છે આમ કરવાથી તેઓ વધુ ઉત્પાદન મેળવી શકે છે અને ૨૦ ટકા નાઈટ્રોજનનો બચાવ કરી ફોસ્ફરસ તથા પોટાશની લભ્યતા વધારે છે. |
| **૧૮** | **૨૦૦૪** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાા માં ઉનાળુ ડાંગર(ગુજ રી અથવા જયા)ની ખેતી કરતાં ખેડુતોને તેમનું ધરૂવાડીયું ડીસેમ્બરના પ્રથમ પખવાડીયામાં નાંખવાની ભલામણ કરવામાં આવે છે. |
| **૧૯** | **૨૦૦૫** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાા માં ઉનાળુ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને તેમનું ધરૂવાડીયું ૧૫મી ડીસેમ્બર નાંખવાની ભલામણ કરવામાં આવે છે. |
| **૨૦** | **૨૦૦૭** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–ાા માં ચોમાસુ ડાંગર પછી ઉનાળુ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને પ્રેસમડ ૧૦ ટન/હે અને ૭૫ ટકા ફોસ્ફરસ ભલામણ કરેલ નાઈટ્રોજનનો જથ્થો નફાકારક ઉત્પાદન તથા ઉત્પાદકતા ટકાવવા |

| | | |
|---|---|---|
| | | ભલામણ કરવામાં આવે છે. |
| **૨૧** | **૨૦૦૮** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસુ ડાંગર પછી ઉનાળુ મગફળીની ખેતી કરતાં ખેડુતોને ડાંગર પાક પછી ૬ ઈંચ ઉંડી ખેડ કરવા ભલામણ કરવામાં આવે છે જેથી વધુ ઉત્પાદન અને આવક મેળવી શકાય છે. |
| **૨૨** | **૨૦૦૯** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં શિયાળુ દિવેલા (જીસીએચ–૫)ની ખેતી કરતા ખેડુતો દિવેલાની વાવણી ઓકટોબરના પ્રથમ પખવાડીયાથી નવેમ્બરના પ્રથમ પખવાડીયામાં કરવાની ભલામણ કરવામાં આવે છે જેથી તેઓ વધુ ઉત્પાદન અને આવક મેળવી શકે છે. |
| **૨૩** | **૨૦૧૦** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ચોમાસુ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને ફણગાવેલ બીજ પધ્ધતિ અથવા સીરા પધ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે. |
| **૨૪** | **૨૦૧૧** | દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તાર, પરિસ્થિતિ–III માં ઉનાળુ મગફળી ઉગાડતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા વર્મીકમ્પોસ્ટ ૨.૫ ટન/હે. અને સાસાયણિક ખાતરનો જથ્થો (૨૫–૨૫–૦૦) એન.પી.કે./હે. આપવાની ભલામણ કરવામાં આવે છે. |
| **૨૫** | **૨૦૧૮** | દક્ષિણ ગુજશ્રાતનાં ભારે વરસાદવાળા વિસ્તાર (કૃષિ આબોહવાકીય પરિસ્થિતિ–૩) માં પિયત ઓરાણ ડાંગર (ગુજરાત નવસારી ડાંગર–૩) ની ખેતી કરતાં ખેડૂતોને ડાંગરનું નફાકારક ઉત્પાદન મેળવવા માટે બે હાર વચ્ચે ૨૦ સે.સી.નું અંતર રાખી વાવણી કરવાની સલાહ આપવામાં આવે છે. |

**રોગ–જીવાત નિયંત્રણઃ–**

| | | |
|---|---|---|
| **૨૫** | **૧૯૭૮** | ડાંગરમાં ગલત આંજીયા રોગના નિયંત્રણ માટે ઝાઈનેબ ૦.૧% સ.ત. અને કોપર ઓકસીકલોરાઈડ ૦.૩% સ.ત.અથવા કેપ્ટાફોલ ૦.૧% સ.ત. બુટ લીફ સ્ટેજ (કંટી નીકળવાની અવસ્થા) અને ડફ સ્ટેજ (કંટીમાં દાણા ભરાવાની અવસ્થા) વખતે આપવું જોઈએ. |
| **૨૬** | **૧૯૭૯** | ગલત આંજીયા રોગના નિયંત્રણ માટે ડાઈફોલેટાન/કેપ્ટાફોલ ૦.૧% સ.ત. (૧૦૦૦ લી/હે) બુટ લીફ સ્ટેજ અને ડફ સ્ટેજ વખતે આપવું જોઈએ. |
| **૨૭** | **૧૯૭૯** | ડાંગરની આઈઆર–૨૨ અને આઈઆર–૨૮ જાત ગલત આંજીયાના રોગ સામે પ્રતિકારક હોય તેને દક્ષિણ ગુજરાતના વધારે ઉપદ્રવવાળા વિસ્તારમાં વાવવાની ભલામણ કરવામાં આવે છે. |